
ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ સે

'તાપણા' અને 'આપણા'ની
સારી અનુભૂતિ
પામવી હોય તો
બહુ દૂર પણ ન રહેવું,
બહુ નજીક પણ ન રહેવું

### જન્મદિને વધામણી



બાબુલાલ આઈ ત્રિવેદી
મો. ૯૮૨૪૭ ૩૯૨૦૯



અક્ષય સુખડિયા
રાધે-રાધે ગૃપ



જાગૃતિ ડી કડિયા
લાયોનેસ ક્લબ



દશરથભાઈ ત્રિવેદી



પંકજ એમ શાહ
એડવોકેટ



યશ ભાવેશ ઠાકોર



પ્રેમ ભાવેશ ઠાકોર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા 'ગ્રીન પ્રિન્સિપાલ લીગ' અંતર્ગત વૃક્ષારોપણ



ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા 'ગ્રીન પ્રિન્સિપાલ લીગ' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપક્રમ અંતર્ગત ડીઍસપી ઑફિસ અને પાલજની સરકારી શાળાના પરિસરમાં વૃક્ષારોપણ હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડીવાયઍસપી ઍમ જે સોલંકી, ઍલસીબી પીઆઈ જે ડી પુરોહિત, ટ્રાફિક પીઆઈ બી જે વ્યાસ, પીઆઈ પી સી વાલેરા, પીઍસઆઈ ડી જી ટુંડિયા, સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન, ઍનઍસૅસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. વર્ષા પારેખ અને ઍનઍસઍસ સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજની વાર્ષિક ઍનઍસઍસ કોબામાં યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

શ્રી પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજ, ગાંધીનગરની ઍનઍસઍસ એકમની વાર્ષિક શિબિર આ વર્ષે નવા કોબા ગામમાં એક સપ્તાહ માટે યોજાઈ હતી. જેમાં ઍનઍસઍસ એકમની સ્વયંસેવક વિદ્યાર્થિનીઓએ ગ્રામ સ્વચ્છતા, નશામુક્તિ, અંધશ્રદ્ધા નિવારણ અને મહિલા જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજીને પોતાની શિક્ષિત વિદ્યાર્થી અને જાગૃત યુવા તરીકેની પ્રતિબદ્ધતાનો પરિચય આપ્યો હતો.

આ શિબિરમાં અંધશ્રદ્ધા નિવારણના પ્રયોગ નિદર્શન માટે ભીખાભાઈ બુદ્ધદેવને આમંત્રિત કરવામાં આવ્યા હતા. નશામુક્તિનો સંદેશ યુવાનોને આપવા માટે નશાબંધી ખાતું, ગુજરાત રાજ્યના સંકલનમાં ભવાઈના કલાકારો પધાર્યા હતા અને જીડીઍમ હાઈસ્કૂલ, કોબા ખાતે વિદ્યાર્થીઓ માટે વ્યસનમુક્તિ અંગે વ્યાખ્યાનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

મહિલાઓના અધિકારો અંગે જાગૃતિ લાવવા જિલ્લા કાનૂની સલાહકાર મંડળના સુધીરભાઈ દેસાઈ દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. કરાટે અને માર્શલ આર્ટ નિષ્ણાત અરવિંદ રાણાએ ગામનાં બહેનોને સ્વરક્ષણની ઉપયોગી તાલીમ આપી હતી.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ હરિભાઈ ચૌધરી અને ગ્રામ પંચાયતના સરપંચ યોગેશભાઈ નાયીએ સૌ ઍનઍસઍસ સ્વયંસેવકોને આશીર્વચન આપી પ્રોત્સાહિત કર્યા હતાં.

# શ્રી જે બી પ્રાથમિક શાળામાં ઊર્જા સંરક્ષણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## ઊર્જા સંરક્ષણ અંગેની ફિલ્મનું નિદર્શન પણ કરાયું

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત સરકારના ક્લાયમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ અને ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી તથા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગરના ઉપક્રમે શ્રી જે બી પ્રાથમિક શાળામાં ઊર્જા સંરક્ષણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ધોરણ-૮ના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઊર્જાનું મહત્ત્વ, પરંપરાગત અને બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોત તેમજ વીજળી અને ઊર્જાના સ્ત્રોતની બચત અંગે સુંદર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ થયું હતું. ગુજરાત સરકાર દ્વારા ઊર્જા અંગે કરવામાં આવેલી મહત્ત્વની કામગીરી ઉપરની એક ફિલ્મ પણ પ્રદર્શિત કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ ઊર્જા અંગે કેટલી સમજ કેળવી તે માટે 'ઊર્જા ક્વિઝ' રમતનો માધ્યમ બનાવવામાં આવી હતી. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

આ કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સ સૅન્ટરના ડૉ. અનિલભાઈ પટેલ, હાર્દિક મકવાણા, વિવેક મકવાણા તથા શાળાના વિજ્ઞાન શિક્ષકો અને આચાર્ય નીવાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# કુડાસણની સ્કૂલ ઓફ અચિવરમાં 'સ્પોર્ટ્સ - ડે' ની ઊજવણી



સ્કૂલ ઓફ અચિવર પરિવારે સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આઠમા સ્પોર્ટ્સ - ડે ની ઊજવણી પરંપરાનુસાર કરી હતી. આ વર્ષે પણ બહારના મહાનુભાવને બદલે એક્ટિવિટી સ્ટાફના જ સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ સોલંકીની વરણી ચીફ-ગેસ્ટ તરીકે કરવામાં આવી હતી. ધ્વજારોહણ, મશાલ-પ્રજવલન અને ડે-ઉદ્ઘાટન વિધિની બધી જ ઔપચારિકતાઓનું વહન શ્રી સોલંકીએ કર્યું હતું. બાળકો શારીરિક, માનસિક અને બૌદ્ધિક રીતે ખીલે તે હેતુથી વિવિધ રમત-સ્પર્ધાઓથી સમાવિષ્ટ તથા શિસ્તબદ્ધ અને પદ્ધતિસર, વિશાળ સ્કૂલ પરિસરમાં યોજાયેલ આ સ્પોર્ટ્સ-ડે સૌ માટે ચિર-સ્મરણીય બની રહ્યો હતો.

ઉદ્ઘાટન સમારોહ સુંદર થીમ-બેઝ્ડ રંગારંગ કાર્યક્રમ સાથે સંપન્ન થયો હતો. શપથ વિધિથી શરૂ થયેલ સ્પોર્ટ્સ-ડે કાર્યક્રમમાં ત્રણ પ્રકારની રમતોને સ્થાન અપાયું હતું. સ્કૂલ ગેમ્સ, રીક્રિએશન ગેમ્સ, એથ્લેટિક્સ

## કડી સર્વ વિદ્યાલય સંચાલિત ક્રિએટિવ ઝોન દ્વારા

# "કલાકુંભ"નું આયોજન કરાયું



કડી સર્વ વિદ્યાલય સંચાલિત ક્રિએટિવ ઝોન અંતર્ગત "કલાકુંભ" પ્રોગ્રામ દ્વારા વિદ્યાર્થીઓની અંદર રહેલી કલ્પનાશક્તિને ચિત્રો દ્વારા ખીલવવાની એક નવતર પ્રયોગ છેલ્લા બે વર્ષથી થઈ રહયો છે. આ વર્ષે પણ આ પ્રોગ્રામમાં ધો-૪ થી કોલેજ કક્ષા નાં તમામ વય કક્ષા ના રસ ધરાવતા વિદ્યાર્થીઓને એકજ જગ્યાએ ઉપસ્થિત રાખી સમુહમાં તેમની પ્રતિભાને બહાર લાવવામાં આવશે. તા. ૧૭/૧/૧૮ થી સળંગ ત્રણ દિવસ સુધી આ "કલાકુંભ"માં વિદ્યાર્થીઓ ઓતપ્રોત થઈ પોતાની કલાને કાગળ અને કેનવાસ પર કંડારશે.

# ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ દળનો તાલીમ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના વિવિધ ૧૧ યુનિટોના મળી ૧૫૦ હોમગાર્ડઝ જવાનોનો બેઝીક તાલીમ કેમ્પ હોમગાર્ડઝ તાલીમ કેન્દ્ર સુંઢિયા, તા. વડનગર ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં પદ કવાયત, રાયફલ ફાયરીંગ, રૂટ માર્ચ, લાઠી ડ્રીલ, સિવિલ ડિફેન્સ, ફાયર ફાઈટીંગ જેવી વિવિધ તાલીમ આપવામાં આવી હતી.

આ કેમ્પના સમાપન કાર્યક્રમમાં ભરતસિંહ ડાભી-દંડક શ્રી વિધાનસભા, જિલ્લા કમાન્ડન્ટ સાબરકાંઠા કિરણભાઈ પરમાર, જિલ્લા કમાન્ડન્ટ મહેસાણા રાજેન્દ્ર શાહ, પૂર્વ જિલ્લા કમાન્ડન્ટ દિલીપસિંહ પરમાર, પ્રમુખ વડનગર તાલુકા પંચાયત સોમાજી ઠાકોર, પેટા તિજોરી અધિકારી મોદી હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન નગુસિંહ ભાટી સ્ટાફ ઓફિસર વહીવટ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ પ્રાસંગિક પ્રવચન કે.ડી. રાજપૂત સબ ઈન્સ્પેકટર ઈન્સ્ટ્રકટર દ્વારા કરાયું હતું તેમજ આભારવિધિ દશરથસિંહ એમ. પરમાર-નાયબ કેમ્પ કમાન્ડન્ટ દ્વારા કરાઈ હતી.

# વયોવૃધ્ધ તૂરી બારોટ કલાકારે લોકબોલીથી ગામ સજીવન કર્યું







ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા વઢિયાર પ્રદેશના લોકજીવનના કલાકાર આલા માવા બારોટનું તાજેતરમાં ગાંધીનગર ખાતે સન્માન કરવામાં આવ્યું હતું અને તેમની કલાને આકંઠ માણવામાં આવી હતી.

સામી-હારીજ-રાધનપુર આસપાસનો વિસ્તાર વઢિયાર પ્રદેશ તરીકે ખ્યાત છે. અહીંના તૂરી બારોટ ગાયકો ઘણા ખ્યાત છે. ગ્રામ સંસ્કૃતિમાં મનોરંજન કરતી આ મુખ્ય જાતિ છે. એ પૈકીન આલા માવા બારોટને સાહિત્ય સભા દ્વારા ગાંધીનગરમાં નોતરવામાં આવ્યા હતા અને તેમની કલાનું રસપાન કરવામાં આવ્યું હતું. આ માટેનો કાર્યક્રમ સૌ નગરજનો માટે ખુલ્લો રાખવામાં આવ્યો હતો.

શરૂઆતમાં નટવર હેડાઉ, રમેશ ઠક્કર, સંજય થોરાત, કલ્પેશ પટેલ અને પ્રશાંત કેદાર જાદવ દ્વારા શાલ ઓઢાડી, વિશેષ સ્મૃતિ ચિહ્ન આપી આલા માવા બારોટને સન્માનિત કરાયા હતા. એ પછી મુખ્ય આજીવિકાના સાધન તરીકે વાજિંત્રો વગાડી ઘેરઘેર ફરતા તૂરી બારોટ કલાકારની વાતો સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતે કરી હતી. રમેશ ઠક્કરે છેક બાળપણથી આ કલાકારના નૈસર્ગિક અવાજને માણ્યો છે, એ સંભારણાં એમણે વાગોળ્યાં હતાં.

આ પ્રસંગે 'ઓઢણી ઓઢું ઓઢું ને ઊડી જાય...' અને 'કુમકુમનાં પગલાં પડ્યાં...'ફેમ કવિ પ્રશાંત કેદાર જાદવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. એમનો પરિચય પુલક ત્રિવેદી દ્વારા આપવામાં આવ્યો હતો. પ્રશાંત જાદવે તૂરી બારોટ સમાજના સાંસ્કૃતિક યોગદાનની સવિસ્તર માહિતી આપી હતી.

પોતાને મળેલા સન્માનથી આલા બારોટ ગદ્ગદ્ થઈ ગયા હતા. ગ્રામીણ ભારતના છેવાડાના કલાકારને સાહિત્યપ્રેમી બિરદાવે ત્યાં સુધી કલાકાર અને કલા બંને સલામત છે એવો વિશ્વસ વ્યક્ત કરતાં એમણે અસલ લોકબોલીમાં સતત પોણો કલાક સુધી દોહરા, છંદ, કવિતા, વાર્તા સાથે ગ્રામ જીવનને સજીવન કરી દીધું હતું.

કાર્યક્રમનું સંચાલન મંત્રી કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન પ્રમુખ નટવર હેડાઉ, પ્રાર્થના રમણલાલ શ્રીમાળી અને આભાર દર્શન ભીખુ કવિ દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી સ્વામીનારાયણ ગુરુકુળમાં આયોજિત આ કાર્યક્રમમાં રાઘવજી માધડ, પ્રવીણ ગઢવી, દલપત પઢિયાર, ભરત કવિ, નટુ પરમાર, રમણ વાઘેલા, ડૉ. અનિલ ચૌહાણ સહિત અનેક સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.